પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૪) અંક નં. ૭૪ | ૨૫ મે, ૨૦૧૯, શનિવાર; વૈશાખ વદ - ૬ | પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦

# સુરતમાં ટ્યૂશન ક્લાસમાં ભીષણ આગ

**૨૦ વિદ્યાર્થીઓ હોમાયા : મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાઈ ઘટના સ્થળે પહોંચ્યા : નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલે ઘાયલોને તાત્કાલિક સારવાર મળી રહે તેવા આદેશ આપ્યા મુખ્યમંત્રી રૂપાણીએ મૃતકોને ચાર લાખની સહાય કરવાના આદેશ આપ્યા : મુખ્યમંત્રીએ આપ્યા તપાસના આદેશ : વડાપ્રધાને દુ:ખની લાગણી વ્યક્ત કરી**





સુરત,તા.૨૪

સુરતના તક્ષશિલા એપાર્ટમેન્ટના ચોથા માળે ચાલતા ટ્યૂશન ક્લાસિસમાં ભીષણ આગ લાગી હતી. આ અંગે જાણ થતાં ફાયર બ્રિગેડની ૧૫થી વધુ ગાડીઓ ઘટના સ્થળે પહોંચી હતી. જોકે, આ આગમાં ૨૦થી વધુ વિદ્યાર્થીઓના મોત થયાનું સુત્રો જણાવી રહ્યા છે. જે પૈકી ૧૫થી વધુ વિદ્યાર્થીઓ આગમાં બળીને ખાખ થયા હતા. જ્યારે પોતાનો જીવ બચાવવા માટે રીત સરના ચોથા માળેથી નીચે કૂદકા માર્યા હતા. એમાંથી ૪ વિદ્યાર્થીઓના મોત થયા છે. પોતાના વ્હાલસોયા બાળકોના મોતના પગલે વાલીઓમાં શોકની લાગણી ફેલાઈ હતી. ફાયર બ્રિગેડના જવાનોએ રેસ્કૂય ઓપરેશન હાથધરાયું હતું. ઈજાગ્રસ્ત બાળકોને એમ્બ્યુલન્સ દ્વારા હોસ્પિટલ ખસેડવામાં આવ્યા છે.

મળતી માહિતી પ્રમાણે સલથાણા વિસ્તારમાં તક્ષશીલા એપાર્ટમેન્ટના ચોથા માળે એસીમાં ટેકનિકલ ખામી સર્જાતા આગ લાગી હતી. શુક્રવારના બપોરના સમયે આ ઘટના ત્યારે બની જ્યારે વિદ્યાર્થીઓનો ક્લાસ ચાલી રહ્યો હતો. ટ્યૂશન ક્લાસિસ મંજૂરી વગર આ ટ્યૂશન ક્લાસિસ ચાલી રહ્યું હતું. બાળકોનો ક્લાસ ચાલી રહ્યો હતો ત્યારે એસીમાં ખામી સર્જાતા આગ લાગી હતી.

● અનુસંધાન પાન-૭ પર

## અમિત શાહ કેન્દ્રીય કેબિનેટમાં નંબર-૨ના સ્થાને પહોંચશે

**મોદી કેબિનેટમાં આ વખતે ઘણા નવા ચહેરાઓ દેખાશે**

નવી દિલ્હી,તા. ૨૪

લોકસભાની ચૂંટણી માટે પરિણામ જાહેર કરવામાં આવ્યા બાદ મોદી સરકારની વાપસી થઈ રહી છે. પ્રાપ્ત માહિતી મુજબ આ વખતે મોદી કેબિનેટમાં કેટલાક નવા આશાસ્પદ ચહેરાને સામેલ કરવામાં આવનાર છે. જ્યારે એનડીએના સાથી પક્ષોને વધારે જગ્યા મળી શકે છે. મોદી કેબિનેટનુ સ્વરૂપ આ વખતે વિદાય લેતી પહેલાની કેબિનેટ ટીમ કરતા અલગ હોઈ શકે છે.

● અનુસંધાન પાન-૭ પર

# આજે એનડીએ સંસદીય દળની બેઠક

**તમામ સાંસદ હાજર રહેશે : મોદીને નેતા તરીકે ચૂંટી કાઢવામાં આવે તેવી પ્રબળ સંભાવના : ભાજપ સંસદીય દળની પણ બેઠક આજે જ યોજાશે : લોકસભાની ચૂંટણીમાં ૩૪૯ સીટો જીતીને એનડીએ દ્વારા ઈતિહાસ સર્જાયો : બેઠકોને લઈને ચર્ચાઓ**

નવી દિલ્હી, તા. ૨૪

લોકસભા ચૂંટણીમાં ભાજપના નેતૃત્વમાં એનડીની રેકોર્ડ જીત થયા બાદ નવી સરકાર બનાવવાની કવાયત શરૂ થઈ ગઈ છે. આજ ક્રમમાં એનડીએ સંસદીય દળની બેઠક આવતીકાલે શનિવારના દિવસે સાંજે પાંચ વાગ્યે યોજાનાર છે. આમા ગઠબંધનમાં તમામ ચૂંટાયેલા સાંસદો સામેલ થશે. એમ માનવામાં આવે છે કે, આ બેઠકમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીને નેતા તરીકે ચૂંટી કાઢવામાં આવશે. બીજી બાજુ શનિવારના દિવસે ભાજપ સંસદીય પક્ષની પણ બેઠક યોજાનાર છે. અત્રે નોંધનીય છે કે, ભાજપે લોકસભાની ચૂંટણીમાં એક હાથે ૩૦૨ સીટો જીતીને ઈતિહાસ સર્જી દીધો છે. હજુ એક સીટ ઉપર પરિણામ બાકી છે. ભાજપ આ બેઠક ઉપર પણ આગળ છે. આવી સ્થિતિમાં તેમની સીટોની સંખ્યા ૩૦૩ થઈ શકે છે. યુપીએના ખાતામાં ૮૨ અને મહાગઠનને માત્ર ૧૫ સીટો મળી છે. ભાજપ સહિત સમગ્ર સાથી પક્ષોમાં ઉજવણીનો માહોલ છે ત્યારે કેબિનેટમાં સ્થાન મેળવવાને

● અનુસંધાન પાન-૭ પર

# ભાજપના વરિષ્ઠ નેતાઓ જોષી અને અડવાણીજીના મોદીએ આશીર્વાદ લીધા

**ભાજપની આજની સફળતા માટેની ક્રેડિટ અડવાણી અને જોશી જેવા પાર્ટીના નેતાઓને જાય છે જે નેતાઓએ દશકો સુધી પાર્ટી માટે મહેનત કરી છે : મોદી : ૨૮ મેનાં રોજ મોદીની વારાણસીમાં આભાર રેલી, ૩૦ મેનાં રોજ શપથ લઈ શકે છે : નવી સરકારની રચના પહેલા પીએમ મોદી ગુજરાત આવીને લઇ શકે છે માતા હીરાબાના આશીર્વાદ**

નવી દિલ્હી,તા. ૨૪

લોકસભાની ચૂંટણી માટેના પરિણામ આવ્યા બાદ અને સતત બીજી વખત પ્રચંડ બહુમતિ સાથે





સત્તામાં વાપસી કર્યાના એક દિવસ બાદ વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને ભાજપ પ્રમુખ અમિત શાહ આજે સવારે પાર્ટીના વરિષ્ઠ નેતા લાલકૃષ્ણ અડવાણી અને મુરલી મનોહર જોશીને મળવા માટે પહોંચ્યા હતા. તેમની સાથે લાંબી વાતચીત કરી હતી. તેમના આર્શિવાદ લીધા હતા. આ વખતની ચૂંટણીમાં મોદી મેજિક અને અમિત શાહની જોરદાર મહેનતના કારણે વિરોધ પક્ષોના સુપડા સાફ થઈ ગયા છે. કોંગ્રેસ જેવી ભારતની સૌથી જુની પાર્ટી ૧૯ રાજ્યોમાં તો ખાતુ પણ ખોલી શકી નથી. ઉત્તરપ્રદેશમાં માયાવતી અને અખિલેશ યાદવ દ્વારા કરવામાં આવેલા ગઠબંધનની પણ કારમી હાર થઈ ગઈ છે. મોદીએ

**પ્રધાનમંત્રી મોદી ૨૯મીએ માતૃશ્રી હિરાબાના આશીર્વાદ લેવા ગાંધીનગર આવવાની શક્યતા**

બંને નેતાઓ સાથે વાતચીત કર્યા બાદ પત્રકારો સાથે વાતચીત કરતા કહ્યુ હતુ કે ભાજપની આજની સફળતા માટેની ક્રેડિટ લાલકૃષ્ણ અડવાણી અને મુરલી મનોહર જોશી જેવા નેતાઓને જાય છે. આ નેતાઓએ દશકો સુધી પાર્ટી માટે જોરદાર મહેનત કરી હતી. લોકસભાની ચૂંટણી માટે ગઈકાલે પરિણામ જાહેર કરવામાં આવ્યા બાદ મોદીની સુનામી વચ્ચે રાજકીય પક્ષોનો સંપૂર્ણ સફાયો થયો હતો. હિન્દી પટ્ટાના રાજ્યો ઉપરાંત દેશના અન્ય રાજ્યોમાં પણ શાનદાર દેખાવ સાથે ભારતીય જનતા પાર્ટીએ સત્તામાં રેકોર્ડ જીત સાથે ફરીવાર વાપસી કરી છે. મોદી લહેર આ વખતે સુનામીમાં ફેરવાઈને વિરોધીઓના સપનાને ચકનાચૂર કરી દીધા છે. આ વખતે ભારતીય જનતા પાર્ટીએ પોતાની તાકાત ઉપર ૩૦૦થી વધુ સીટો જીતી લીધી છે જયારે એનડીએની બેઠકોની સંખ્યા ૩૪૯ સુધી પહોંચી છે. એક્ઝિટ પોલના તારણ કરતા પણ વધુ શાનદાર ભારતીય જનતા પાર્ટી કરી શકી છે. ઉત્તરપ્રદેશમાં માયાવતી અને અખિલેશ યાદવના મહાગઠબંધનની યોજના પણ ફ્લોપ સાબિત થઈ છે. બીજી બીજુ બિહારમાં કોંગ્રેસ અને આરજેડીના ગઠબંધનને પણ કોઈ સફળતા હાથ લાગી નથી. લાલૂની ગેરહાજરીમાં આરજેડીનો સંપૂર્ણ સફાયો થયો છે. લોકસભાની કુલ ૫૪૨ સીટો પૈકી ભારતીય જનતા પાર્ટીએ ૩૪૯ સીટ જીતી લીધી છે. જ્યારે યુપીએ ગઠબંધનને ૮૩ સીટ મળી છે. મોદી અને અમિત શાહ ભારતીય જનતા પાર્ટી માટે સુવર્ણ યુગ લાવવામાં સફળ સાબિત થયા છે. સમાજવાદી પાર્ટી અને બસપાના વોટના ટ્રાન્સફર નહીં થવાના કારણે પણ મહાગઠબંધનને જીત મળી નથી. આ વખતે કોંગ્રેસ પાર્ટી ઉત્તરપ્રદેશમાં સંપૂર્ણપણે સાફ થઈ છે.

Smart Science

Board Exam
Syllabus
Plus
NEET
JEE
GUJCET
Preparation

1 Smart 60
2 Smart Force
3 Smart Visit
4 Smart Classrooms
5 Smart Test
6 Smart Career
7 Smart Revision
8 Smart Technology
9 Smart Team
10 Smart Reporting
12 Smart Search
13 Smart Lab

Admission Open
Std. 11 & 12
Science & Commerce

GSEB Board
Eng./Guj. Medium
Nur to XII

Swaminarayan Dham
International School
@Gandhinagar

Swaminarayan Dham Campus, Opp. Infocity, Gandhinagar. M : +91 9979884471

ROOPKALA
The silver shop
માત્ર ચાંદીનો શો-રૂમ
199, District Shopping Center, Nr. Bank of Baroda,
Sector - 21, Gandhinagar, Ph.232 48225

GPSC Class 1/2 અને Class 3
વિવિધ સ્પર્ધાત્મક પરીક્ષાઓ માટે
ફ્રી કેરીયર કાઉન્સલીંગ સેમીનાર
તા.૨૬-૫-૨૦૧૯, રવિવાર સવારે ૯.૦૦ વાગે
KCA KNOWLEDGE CAREER ACADEMY
KNOWLEDGE CAREER ACADEMY LLP
Parth Education, 301 To 306, Vitthal Complex,
Opposite Sakar English School, New CG Rd,
Chandkheda, Ahmedabad. Phone 9227403030